# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૭૪ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૬૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી ધ્વારા તેઓના પત્ર નં. જી-સંકલન-૧૫, તા.૨૨/૦૪/૨૦૨૫ થી જણાવ્યા મુજબ સુડા સંસ્કૃતિ આવાસમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો રહેતા હોય સુરત મહાનગરપાલિકાની સીટીલીંક ધ્વારા બસ વ્યવસ્થાનો નવો રૂટ ચાલું કરવા અંગે રજૂઆત કરેલ. જે અન્વયે જણાવવાનું કે, સુડા સંસ્કૃતિ આવાસથી લગભગ ૪૦૦ મી. ના અંતરે વૈષ્ણોદેવી હાઈટસ સીટી બસ સ્ટોપ આવેલ છે કે જયાંથી સીટી બસ રૂટ નં.૨૦૭ (ચોકથી વૈષ્ણોદેવી ટાઉનશીપ) પસાર થાય છે. જે અન્વયે તા.૦૮/૦૫/૨૦૨૫ ને ગુરુવારના રોજ ૧૨:૦૦ કલાકે સુડા સંસ્કૃતિ આવાસ પાસે જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી સોમનાથભાઈ મરાઠેની અધ્યક્ષતા હેઠળ સીટીલીંક ટીમ સાથે જોઈન્ટ સાઈટ વિઝીટનું આયોજન કરવામાં આવેલ. જેમાં સદર રજૂઆત અંગેના રૂટની ફીઝીબીલીટી ચેક કરવામાં આવેલ. જેને ધ્યાને લઈ સીટી બસ રૂટ નં.૨૦૭ (ચોકથી વૈષ્ણોદેવી ટાઉનશીપ) ને સુડા સંસ્કૃતિ આવાસ સુધી લંબાવવા જણાવવામાં આવેલ. જે અન્વયે તા.૧૭/૦૫/૨૦૨૫ ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સુડા સંસ્કૃતિ આવાસ ખાતે માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી તથા જાહેર પરિવહન સમિતિના ચેરમેનશ્રી સોમનાથભાઈ મરાઠેના વરદહસ્તે ફ્લેગોફ કરી સદર રૂટનો પ્રારંભ/ઉદ્દઘાટન કરવામાં આવેલ. સદર રૂટના શુભારંભથી સુડા સંસ્કૃતિ આવાસ તથા સુમન વંદન આવાસમાં વસતા પરિવારજનોને ચોકની સીધી કનેક્ટિવિટી મળી રહેશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. .........................**
**તા.૧૭/૦૫/૨૦૨૫**